**અગ્રતા ક્રમ : ૨૮**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૭૦**

**પ્રશ્નની વિગત: ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવીધા**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)**

પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ)

**પૂરક પ્રશ્ન (૧) : ધોળાવીરા પ્રવાસી સુવીધા ના વિકાસ ની વિવિધ કામગીરી માટે માસ્ટર પ્લાન બનાવવામાં આવેલ છે ?**

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

વર્લ્ડ હેરીટેજ સાઈટ ધોળાવીરા ખાતે કન્સલ્ટન્ટ ધ્વારા માસ્ટરપ્લાન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં કન્સલ્ટન્ટ ધ્વારા પ્રવાસી સુવિધા ને ધ્યાને રાખી અલગ અલગ ૨ તબક્કામાં કામગીરી હાથ ધરવા માટે નું આયોજન હાથ ધરેલ છે. જેની તબક્કા વાર વિગત નીચે મુજબ છે.

પેકેજ -૧ મા નીચેમુજબના કમ્પોનેન્ટ છે. (અંદાજીત રકમ રૂ .૬૬.૩૧ કરોડ)

- ધોળાવીરાના પ્રવેશ સ્થળે ડેવલોપમેન્ટ
- ધોળાવીરા એન્ટ્રીથી વર્લ્ડ હેરીટેઝ સાઈટ સુધી રોડ સાઈડ ડેવલોપમેન્ટ
- અરાઈવલ એક્સપીરીયન્સ & રોડ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ
- તોરણ રિસોર્ટથી એમ્પીથીએટર તરફના રોડનું ડેવલોપમેન્ટ
- ટેન્ટસીટી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર
- રોડ સાઈડ પાથવે
- રોડની સાઈડમાં ગ્રીનરી

પેકેજ -૨ માં નીચેમુજબના કમ્પોનેન્ટ છે. (અંદાજીત રકમ રૂ.૧૦૯.૦૦ કરોડ)

- ટી.એફ.સી
- ક્રાફ્ટ માર્કેટ,
- ફૂડકોર્ટ
- ક્ષેરિસકેપ ગાર્ડન
- સ્કલપચર પાર્ક,
- કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર
- ભુંગા રિસોર્ટ  માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- ➢ એમ્પીથીએટર એન્ડ રિલેટેડ સુવિધા

ઉપરોક્ત બે તબક્કા પૈકી પ્રથમ તબક્કાની સૈદ્ધાંતીક મંજૂરી મળેલ છે જેમાં થી પ્રથમ તબક્કાની કામગીરી માટે ની ટેન્ડર ની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૮**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૭૦**<br>**પ્રશ્નની વિગત: ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવીધા**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)** |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી કેશુભાઈ પટેલ( ભુજ) |
| પૂરક પ્રશ્ન (૨) : કચ્છ જિલ્લામાં ધોરડો ખાતે તાજેતરમાં પૂર્ણ કરવામાં આવેલ મહત્વના પ્રોજેક્ટની વિગત જણાવશો? |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>કચ્છ જીલ્લામાં ધોરડો ખાતે પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં નીચે મુજબના મહત્વના પ્રોજેક્ટની કામગીરી કરવામાં આવેલ છે.<br><br>કચ્છ જીલ્લાના ધોરડો ખાતેના સફેદ રણમાં વોચ ટાવર ઉપર કાયમી ધોરણે લાઈટ અને સાઉન્ડ શો |

નિગમ દ્વારા દર વર્ષે સફેદ રણમાં રણ ઉત્સવ દરમિયાન આવેલ પ્રવાસીઓને વધુ આકર્ષણ મળી રહે તથા નાઈટ ટુરિઝમને પ્રાધાન્ય મળી રહે તેને ધ્યાને લઈને ડેકોરેટીવ/ઇનોવેટીવ લાઈટીંગ તથા લાઈટ અને સાઉન્ડ શો માટે નિગમ દ્વારા આવા કામોના બહોળો અનુભવ ધરાવતા ભારત સરકારશ્રીના વિભાગ ઈન્ડિયા ટુરીઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ(આઈ.ટી.ડી.સી.) સાથે કન્સલટન્સી સર્વિસ માટે સરકારશ્રીની મંજુરી લઈને કન્સલ્ટન્ટ તરીકે વર્ક ઓર્ડર આપવામાં આવેલ. સદર પ્રોજેક્ટ માટે ટેન્ડરની પ્રક્રિયા કરી એજન્સી તરીકે સીએસ ડીરેક્ટ ઈવેન્ટ્સ એન્ડ એકશીબિશન , ન્યુ દિલ્હીની નિમાણુક કરેલ છે. સદર પ્રોજેક્ટના મુખ્ય કોમ્પોનન્ટ નીચે મુજબ છે :

- કાયમી ધોરણે લાઈટ અને સાઉન્ડ શો (સમય : ૧૮ મિનીટ)
- કચ્છનો ઈતિહાસ ઉપર રણ અને ભૂમિની થીમ પર સ્ક્રીપ્ટ (સ્ક્રીપ્ટ લખનાર : શંખજીત ડે)
- જાણીતા કલાકારની વોઈસ ઓવરની કામગીરી(વોઈસ ઓવર : હરીશ ભીમાણી
- હાર્ડવેર કોમ્પોનેન્ટ્સ જેવા કે,મુવિંગ હેડ્સ,એલઈડી, પેર લાઈટસ, સીટી કલર લાઈટ્સ,વોટર સ્ક્રીન લેસર લાઈટ સીસ્ટમ તથા પ્રોજેકટર(ઈન્સટોલમેન્ટ સહિત)

- પેનલ અને સોફ્ટવેર સીસ્ટમ
- બેઠક વ્યવસ્થા (૨૫૦ માણસો)

સદર પ્રોજેક્ટનો કોસ્ટ રૂ. ૭.૨૯ કરોડ+ જીએસટી છે. સદર કામગીરી ૫ વર્ષના ઓપરેશન, મેન્ટેનન્સ તથા શો ચલાવવા સાથેની છે. સદર સ્ક્રીપ્ટની મંજુરી પુરાતત્વના Ex. ડાયરેક્ટરશ્રી વાય.એસ.રાવત સાહેબશ્રી દ્વારા આપવામાં આવેલ છે. આ શો સાંજે બે વખત ચલાવવામાં આવશે

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૮**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૭૦**<br>પ્રશ્નની વિગત: ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવીધા<br>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ) |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રીઅનીરૂધ્ધ દવે ( માંડવી) |
| પૂરક પ્રશ્ન (૩) : કચ્છ જિલ્લામાં આગામી સમયમાં ધોળાવીરા ની પાસે ધોરડો ખાતે હાથ ધરવામાં આવનાર અતિ-મહત્વના પ્રોજેકટની વિગત જણાવશો? |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>કચ્છ જીલ્લામાં પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં ધોરડો નીચે મુજબનો અતિ-મહત્વનો હાથ |

ધરવામાં આવનાર છે

યુનેસ્કો ધ્વારા જાહેર કરાયેલ બેસ્ટ ટુરીઝમ વિલેઝ ધોરડો ખાતે નવીન ટેન્ટસીટી, મધ્યમ વર્ગ માટે ડોર-મેટરી ,કોન્ફરન્સ તથા ઈવેન્ટ માટે કન્વેશન સેન્ટર.

કચ્છ જિલ્લામા ગુજરાત પ્રવાસન નિગમ દ્વ્રારા દર વર્ષે રણ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આંતરરાસ્ટ્રીય તથા રાષ્ટ્રીય પ્રવાસીઓ ખુબજ પ્રમાણમા આવે છે. યુનેસ્કો ધ્વારા જાહેર કરાયેલ બેસ્ટ ટુરીઝમ વિલેઝ ખાતે પ્રવાસીઓ ને વધુ ને વધુ પ્રમાણમા સુવિધાઓ મળી રહે તે હેતુથી નીચે મુજબના કમ્પોનેન્ટની કામગીરી હાથ ધરવા માટેનું આયોજન હાથ ધરેલ છે.

મધ્યમ વર્ગ માટે ડોર-મેટરી અંદાજે 800 માણસની કેપેસિટી

કોન્ફરન્સ તથા ઈવેન્ટ માટે કન્વેશન સેન્ટર ૩૦૦૦ માણસની કેપેસીટી

નવીન પ્રીમિયમ તથા ડીલક્ષ ટેન્ટ કુલ ૪૫૦

વાઈટ રણ તરફ વ્યુ મળી રહેતે હેતુસર નવીન પી.એમ. તથા સી.એમ.ના કલસ્ટર ટેન્ટ

ટેન્ટ સીટી તથા અન્ય કામગીરી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ની કામગીરી

ટેન્ટ સીટી માટે આંતરિક રોડ તથા રોડ સાઈડ ડેવલોપમેન્ટની કામગીરી

ઉપરોક્ત સુવિધાઓ વિકસાવવા માટેનું આયોજન કરવામાં આવી રહેલ છે. આમ આ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કન્સલ્ટન્ટન પારેખ એસોસીએટ ની  નિમણુક કરી દેવામાં આવેલ છે.